સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

જણ જણના મરણની નોંધ રાખે છે યમરાજ!
મૃતને પણ જીવંત રાખે, સરકારી યમરાજ!
શાહમૃગી વૃત્તિથી સંતાવ નહીં, મોતના રણમાં -
તમારા પક્ષનો કાંઈ કાર્યકર નથી, યમરાજ!
(મૃત્યુના આંકડા છૂપાવવાથી, તંત્ર જીવી જશે?)

હાઈકુ

રહેતાં નથી!
છાનાં કોરોના મોત -
છાબડે ઢાંક્યાં !!

લ્યો! કરો ઊભાં
સરકારી સ્થાનોમાં -
ગુપ્ત સ્મશાનો !!

ચિંતન

ભેદવ્યપદે શાસ્યિ ।

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જીવાત્મા તથા પરમાત્મા એકમેકથી જુદા છે.

આનંદમય શબ્દ જીવાત્માને માટે નથી વપરાયો પરંતુ પરમાત્માને માટે જ વપરાય છે એવું માનવા - મનાવવાનું એક બીજું પણ કારણ છે. તે કારણ એ છે કે જીવાત્મા પરમાત્માનો અંશ છે. પરમાત્મા પરિપૂર્ણ છે અને જીવાત્મા અપૂર્ણ છે. પરમાત્મા ક્લેશ મુક્ત અને જીવાત્મા ક્લેશયુક્ત છે. પરમાત્મા પ્રશાંત અને જીવાત્મા અશાંત, પરમાત્મા પરમમુક્ત અને જીવાત્મા બુદ્ધ, પરમાત્મા પરમાનંદના પ્રતીક અને જીવાત્મા પરમાનંદનો પ્રવાસી કે પ્યાસી, જીવાત્મા રસસ્વરુપ પરમાત્મને પામીને આનંદનો અનુભવ કરે છે. ત્યાં પરમાત્માને પરમાનંદમય, આનંદદાતા કહેવામાં આવ્યા છે. અને જીવાત્માને આનંદ મેળવનારો કહ્યો છે.

સુવિચાર

- ભલે તમારી પર્સનાલિટી સુદામા જેવી હોય, પણ તમારો પાવર હંમેશા પરશુરામ જેવો હોવો જોઈએ - **જીવન પાથેય**
- અમુક માણસોના મોઢા પર કાયમ હાસ્ય જોવા મળે છે, એટલા માટે નહીં કે એ લોકો ખુશ છે, પણ એટલા માટે કે એ લોકો પરિસ્થિતિ કરતાં પણ વધુ મજબૂત છે - **ડો. હંસલ ભચેચ**
- પૈસાથી સંનિષ્ઠ મિત્રો મેળવી શક્તા નથી, પણ બળુકા શત્રુ જરૂર મેળવી શકાય છે - **ચિત્રલેખા**
- જો આપણે નિષ્ફળતામાંથી શિક્ષણ પ્રાપ્ત કરીએ છીએ તો તે પણ સફળતા જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જોખમ લેવાથી ડરશો નહીં, જીતશો તો નેતૃત્વ કરશો, હારશો તો બીજાને શીખવી શકશો - **ભૂપત વડોદરિયા**
- જેટલું વેતન મળે છે એનાથી વધારે કામ કરનાર વ્યક્તિને બહુ જલ્દી તેના કામથી વધારે વેતન મેળવવા લાગશે - **નેપોલિયન હિલ**
- આજનું ઔષધ : ડોકના પ્રથમ મણકાથી છ ઈંચ જેટલું કરોડરજ્જુ પર ગરમ નારિયેળ તેલનું માલિશ કરવાથી સાઈનસમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રશિયન દંતકથા મુજબ ખેડૂત અને એની પત્ની બજારમાંથી આવ્યા. રસોડામાં પત્નીએ એક મોટું બોક્સ ખોલવા લાગ્યા. ખૂણામાં ઉંદરે છુપાઈને જોયું કે જો આ બોક્સમાંથી મિઠાઈ નીકળે તો મજા આવી જાય. પણ જોયું તો એક ઉંદર પકડવાનું પાંજરું નીકળ્યું. ઉંદર ગભરાયો એણે ખેડૂતની મરઘીને કહ્યું, 'બહેન, આજે માલિક ઉંદર પકડવાનું પાંજરું લાવ્યા છે.' મરઘી એ કહ્યું, 'તે ભોગ તારા, મારે શું ?' ઉંદરે ખેડૂતના પાળેલા ડુક્કરને કહ્યું, 'ડુક્કરે જવાબ આપ્યો' તમે સૌ સાચવજો' ક્યાંયથી સહાનુભૂતિ ન મળતાં ઉંદર ગાય પાસે ગયો. ગાયે ઉંદરની વાતનો કોઈ પ્રતિસાદ ન આપ્યો. એકલો ઉંમદર સમસમી બેસી રહ્યો. રાત્રે ખેડૂતની પત્નીને વરંડામાં સાપ કરડ્યો. પત્નીને દવાખાને લઈ ગયો. ડૉક્ટરો સારવાર કરી અને તેને બચાવી તો લીધી પણ એને ચિકન સૂપ પીવડાવવાની સલાહ આપી. ખેડૂતે મરઘીને હલાલ કરી સૂપ બનાવી પત્નીને પીવડાવ્યો. બે ચાર દિવસ બાદ પત્નીના પિયર પક્ષ ખબર જોવા આવ્યા. તેમને માટે જમાડવા ડુક્કરનો ભોગ લેવાયો. અંતે ખેડૂતની ઘરવાળી તો મરી ગઈ. પત્નીની અંતિમયાત્રામાં ઘણા સગા-સંબંધી આવ્યા. ખેડૂતો સૌને જમાડવા ગાયને વધેરી નાખવી પડી. ઉંદર આ બધું ખિન્ન મને જોઈ રહ્યો. સાર એ છે કે જીવનસફરમાં આપણે આપણી આસપાસના સ્વજનોના સુખ-દુઃખ વિશે જોતા રહેવું જોઈએ. બને એટલી સહાય કરવી જોઈએ. શક્ય હોય ત્યાં પ્રોત્સાહન, હિંમત અને આશ્વાસન આપવું જોઈએ. તેનાથી પણ રાહત મળે છે.

પરીક્ષા કરતા જિંદગી વધુ અગત્યની છે

તંત્રીસ્થાનેથી...

માર્ચ-એપ્રિલ સામાન્ય રીતે બોર્ડની પરીક્ષાઓના મહિના ગણાય. કોરોનાએ આખું સમયપત્રક ખોરવી નાખ્યું એટલે લગભગ આખે આખું વરસ વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસનો અણગમતો વિકલ્પ સ્વીકારવો પડ્યો હતો. કેજરીવાલના રાજમાં દિલ્હી અને બીજાં કેટલાંક રાજયોમાં શાળાઓ ખોલી દેવાઈ હતી પણ કોરોનાના વળતા પ્રકોપ પછી એ બંધ કરવી પડી છે. ગુજરાતના શિક્ષણમંત્રી શિક્ષણના મુદ્દે ખૂબ ગંભીર હોઈ શાળાઓના વર્ગો શરૂ કરવાની યોજના બનાવતા રહ્યા; થોડા સમય પૂરતો કોરોનાએ વિરામ લીધો હોય એવું લાગ્યું એટલે ઉપલા વર્ગો અને કૉલેજોમાં વર્ગ શિક્ષણ શરૂ પણ થયું હતું. જો કે કોરોનાના બીજા રાઉન્ડની બેફામ બઘડાટી પછી નાછૂટકે શાળાકૉલેજોને ફરી પાછાં તાળાં વાગી ગયાં છે. સવિશેષ જે કારકિર્દીના કિનારે પહોંચેલા વિદ્યાર્થીઓ છે એમના માટે આ દિવસો ભારે તણાવભર્યા છે. દસમા ને બારમા ધોરણની પરીક્ષાઓ વિદ્યારઅથીઓના રસરુચિ અને ક્ષમતા મુજબ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ કરવા માટેનાં પ્રવેશદ્વાર બની રહે છે. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ)ની પરીક્ષાઓ શરૂ થવાની હતી. જે રીતે દેશ આખામાં કોરોનાએ હાહાકાર વરતાવ્યો છે એ જોતાં લાખોની સંખ્યામાં આ પરીક્ષાઓમાં બેસતાં વિદ્યાર્થીઓ કોરોના સંક્રમણની ઝપેટમાં આવી જાય એવી દહેશત તો હતી જ. કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીથી લઈ દિલ્હીના મુખ્યમંત્રી સુધીના નેતાઓએ સીબીએસઈની પરીક્ષાઓ મોકુફ રાખવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શિક્ષણ પ્રધાનને અપીલ કરી હતી. આખરે સીબીએસઈની દસમા ધોરણની પરીક્ષા મોકુફ રાખવાનો અને બારણા ધોરણની પરીક્ષા અનુકૂળતાએ ૧૫ જૂન પછી યોજનાનો નિર્ણય લેવાયો છે આવકારપાત્ર છે. પરીક્ષા લીધા વગર જ દસમા ધોરણના વિદ્યાર્થીઓને સંત્રાત પરીક્ષાઓના ગુણાંકોના આધારે ગુણાંકો આપી ઉપર ચઢાવી દેવાશે. બારણા ધોરણના વિદ્યાર્થીઓ માટે તો પરીક્ષા આપ્યા વગર છૂટકો જ નથી. એમને આગળ પ્રવેશ મેળવવાનો છે. એટલે કેન્દ્ર સરકારે એમની પરીક્ષા ફક્ત વખત પૂરતી પાછી ઠેલી છે. કોરોના સંક્રમણ જો નિયંત્રણમાં આવશે તો પંદર દિવસ અગાઉ જાણ કરીને એમની પરીક્ષા લેવાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે પણ આવો કોઈ રસ્તો કાઢવો જ રહ્યો. મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી કહ્યા કરતા હોય છે કે સમયાનુસાર પરીક્ષાઓ લેવાશે, પરંતુ હાલ જે કારમી સ્થિતિ સરજાવા પામી છે તે જોતાં વિદ્યાર્થીઓને જીવના જોખમે પરીક્ષા આપવા બોલાવવા એ તો મૂર્ખતા જ લેખાશે. વાલીઓ પણ એમનાં વહાલાં બાળકોને આવું જોખમ ખેડવા દેવા તૈયાર ન જ હોય. બાળકો એ આપણાં સાચું ધન છે. એમની સુરક્ષા એ કોઈ પણ પરીક્ષાથી કરતા વધારે અગત્યની ગણાવી જોઈએ. એ સાચું કે ભણવાની ઉંમરે આ બધાં બાળખોને ઘરે બેઠાં ઓનલાઈન કલાસ ભરવા પડે છે, જે એમને મુદ્દલ ગમતું નથી. વળી પરીક્ષા ન આપવાથી વરસ બગડવાની અને આગળ ઉપરની મહત્ત્વાકાંક્ષી કારકિર્દી પર અસર થવાની શક્યતા રહે છે. બાળકો કેટલી ગંભીરતા પૂર્વક પરીક્ષાની વૈતરણી પાર કરવા દિવસરાત મહેતન કરતાં હોય છે તે કોઈનાથી અજાણ્યું નથી. સ્પર્ધાના આ યુગમાં દરેક માબાપ પોતાનું બાળક વધુ સારી લાઈનમાં ઉચ્ચ શિક્ષણ મેળવે એ ડૉકટર, કોમ્પ્યુટર ઈજનેર કે સીએ-એમબીએ બને એવી આશા સેવતાં હોય છે. કોરોનાએ વાલીઓથી લઈ વિદ્યાર્થીઓ સુધી તમામને દ્વિધામાં મૂકી દીધા છે. સરકાર દ્વિધામાં ન રહી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યના મુદ્દે પરીક્ષામાં મોકુફ રખાવે તે ઈચ્છનીય છે.

'સુંદરકાંડ'ની સુંદર વાણી

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ દિવસ પણ રામનવમીનો હતો. (ઈ.સ. ૧૫૭૫). ગોસ્વામી શ્રીમદ્ તુલસીદાસ (ઈ.સ. ૧૫૩૩ થી ઈ.સ. ૧૬૨૪) અયોધઅયામાં હતા. આ દિવસ એમણે 'રામચરિતમાનસ' ની રચના શરૂ કરી. ૨ વર્ષ, સાત માસ અને ૨૬ દિવસમાં આ કાવ્ય પૂર્ણ થયું.

આનું પંચમ સોપાન 'સુંદરકાંડ' એમ કહેવાય. 'સુંદર કિં ન સુન્દરમ્?' બધું જ સરસ એટલે કાંડનું નામ 'સુંદરકાંડ.' ચૈત્ર માસમાં આના પાઠનું મહત્વ. સૂદ નોમ એટલે રામનવમી અને પૂનમ એટલે હનુમાનજંયતી.

આની કેટલીક સુંદર ઉક્તિઓ આ પ્રમાણે છે

(૧) તાત સ્વર્ગ અપવર્ગ સુખ ધરિઅ તુલા એક અંગ,
તૂલ ના તાહિ સકલમિલિ જો સુએ લવ સતસંગ (૪)

હે ભાઈ! ત્રાજવાનં એક પલ્લામાં સ્વર્ગ, મોક્ષ અને બધાં સુખ આપણે મૂકીએ, અને બીજામાં માત્ર એક જ પળનો સત્સંગ મૂકીએ તો પણ સત્સંગનું પલ્લું નમી જાય.

(૨) પાવકમય સસિ સ્રાવત ન આગી,
માનહું મોહિ જાનિ હતભાગી;
સુનહિ બિનય મમ બિપટ અસોકા,
સત્ય નામ કરુ હરુ મન સોકા. (૧૨)

આ ચંદ્ર અગ્નિમય છે તેમ છતાં 'હું અભાગણી છું.' આમ માનીને આગ વરસાવતાં નથી. હે અશોક વૃક્ષ! તું મારી વિનંતી સાંભળ. તું મારામનનો શોક હરી લે અને તારું નામ સાર્થક કર.

(૩) સાધુ અવગ્યા કર ફળ ઐસા,
જરઈ નગર અનાથ કર જૈસા;
જારા નગરું, નિમિષ એક માહીં,
એક બિભીષન કર ગૃહ નાહીં. (૨૬)

સારા માણસની અવગણના કરી હોય, તો આવું જ ફળ મળે. આખું નગર જાણે કે અનાથ હોય; તેમ બળી ગયું. એક પળમાં નગર બાળી નાખ્યું. એક માત્ર વિભીષણનું ઘર ન બળ્યું.

(૪) બિરહ અગિનિ તનુ તૂલ સમીરા,
સ્વાસ જરૈ છન માહીં સરીરા;
નયન સ્રવહિ જલ નિજ હિત લાગી,
જરૈ ન પાવ દેહ બિરહાગી (૩૧)

વિરહ અગ્નિ છે. શરીર રૂ છે. શ્વાસ વાયુ છે. તેને કારણે શરીરને એક પળમાં બાળી શકે છે. પરંતુ આંખો પોતાના હિત માટે પાણી વરસાવે છે; તેથી વિરહની આગથી પણ શરીર બળી જતું નથી.

(૫) સુમતિ કુમતિ સબકે ઉર રહહીં,
નાથ પુરા ન નિગમ અસ કહહીં.
જહાં સુમતિ તહેં સમ્પતિ નાના,
જહાં કુમતિ તહેં બિપતિ નિદાના. (૪૦)

હે મોટાભાઈ ! પુરાણ અને વેદ આમ જ કહે છે - 'દરેકનાં હૃદયમાં સદ્બુદ્ધિ અને દુર્બુદ્ધિ પડેલાં છે.' પરંતુ જયાં દુર્બુદ્ધિ છે, ત્યાં ચોક્કસપણે આપત્તિઓ જ છે.

(૬) સકલ સુમંગલ દાયક રઘુનાયક ગુનગાન,
સાદર સુનહિં તે તરહિં ભવસિંધુ બિના જલજાનકા (૬૦)

આ રઘુનાથ રામનું ગુણગાન છે. એ તમામ પ્રકારનાં સુંદર કલ્યાણને આપનારું છે. જે કોઈ આને આદરપૂર્વક સાંભળશે, તે વગર નૌકાએ ભવસાગર પાર કરી જશે.

ભારતમાં કયું રાજય એવું છે જયા વન વિસ્તાર ખુબ ઓછો છે?

પર્યાવરણ જગત

ખજાનો
અનિલ પટેલ

૧ વિશ્વ પૃથ્વી દિવસ કયારે ઉજવવામાં આવે છે ?
(અ) ૨૦ માર્ચ (બ) ૨૨ એપ્રિલ
(ક) ૫ જૂન (ડ) ૧૬ સપ્ટેમ્બર

૨ પ્રથમ વિશ્વ પૃથ્વી દિવસ કઈ સાલમાં ઉજવાયો ?
(અ) ૧૯૭૦ (બ) ૧૯૭૮
(ક) ૧૯૮૫ (ડ) ૨૦૦૧

૩ વર્ષ ૨૦૨૧નું પૃથ્વી દિવસનું વિષયવસ્તુ શું છે ?
(અ) એન્ડ પ્લાસ્ટિક પોલ્યુશન (બ) રીસ્ટોર અવર અર્થ
(ક) સેવ અવર સ્પીશીસ (ડ) કલાયમેટ એકશન

૪ પ્રથમ ધરતી દિવસ કયા દેશમાં ઉજવાયો હતો ?
(અ) સ્વીડન (બ) સ્વિત્ઝર્લેન્ડ
(ક) જાપાન (ડ) અમેરીકા

૫ ધરતી દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ કયો છે?
(અ) પ્રજાતિઓને બચાવવી (બ) પર્યાવરણનું સંરક્ષણ કરવું
(ક) ઓઝોન સ્તર બચાવવું (ડ) જમીનનું પ્રદૂષણ અટકાવવું

૬ ઈકોલોજી શબ્દનો પ્રથમ પ્રયોગ કયા પર્યાવરણ શાસ્ત્રીએ કર્યો હતો?
(અ) ડાર્વિન (બ) જે.સી. બોઝ
(ક) અન્સર્ટ હીકલ (ડ) પાડુંરંગ હેગડે

૭ પૃથ્વી દિવસની શરુઆત કરાવનાર કોણ હતા?
(અ) ગેલોર્ડ નેલ્શન (બ) વંદના શિવા
(ક) વાનગીરી મથ્થાઈ (ડ) માર્ક બોઈલ

૮ સૌ પ્રથમ વિશ્વ પૃથ્વી સંમેલન કયા વર્ષે યોજાયું હતું ?
(અ) ૧૯૯૦ (બ) ૧૯૯૨
(ક) ૧૯૯૪ (ડ) ૧૯૯૬

૯ સંયુક્ત રાષ્ટ્રનો યુ.એન.ઈ.પી. કાર્યક્રમ કઈ સાલથી શરૂ થયો?
(અ) ૧૯૬૫ (બ) ૧૯૭૦
(ક) ૧૯૭૨ (ડ) ૧૯૭૮

૧૦ જેમના નામે નેશનલ પાર્ક છે તે જિમ કાર્બેટ કોણ હતો ?
(અ) પર્યાવરણવાદી (બ) આંદોલનકારી
(ક) વૈજ્ઞાનિક (ડ) શિકારી

૧૧ ભારતમાં કયું રાજય એવું છે જયા વન વિસ્તાર ખુબ ઓછો છે ?
(અ) હરિયાણા (બ) રાજસ્થાન
(ક) પંજાબ (ડ) ગુજરાત

૧૨ ચિપકો આંદોલન શા માટે શરૂ થયું હતું ?
(અ) જમીન બચાવવા (બ) નદીઓ બચાવવા
(ક) ખેતી બચાવવા (ડ) વૃક્ષો બચાવવા

૧૩ ચિપકો આંદોલનના પ્રણેતા કોણ હતા ?
(અ) મેધા પાટકર (બ) સુંદરલાલ બહુગુણા
(ક) પાડુંરંગ હેગડે (ડ) અરુણા અસફઅલી

૧૪ ભારતના કયા રાજયમાં સૌથી વધુ વાઘ સુરક્ષિત ક્ષેત્ર આવેલું છે. ?
(અ) પ. બંગાળ (બ) છત્તીસગઢ
(ક) મધ્યપ્રદેશ (ડ) કેરાલા

૧૫ ભારતીય વન્યપ્રાણી સંસ્થાન કયાં આવેલી છે ?
(અ) દહેરાદૂન (બ) ભરતપુર
(ક) કોલકાત્તા (ડ) રાયગઢ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

૧૬ એપ્રિલ :
'સ્નેહરશ્મિ' ના ઉપનામથી જાણીતા ઝીણાભાઈ દરજીનો જન્મદિવસ (૧૯૦૩)
વીસમી સદીના મહાન ગણિતશાસ્ત્રી અલ્લર્ટો કાલ્દેરાનનું નિધન (૧૯૯૮)
વાર્તાકાર, નિબંધકાર અને નવલકથાકાર સરોજ પાઠકની પુણ્યતિથિ (૧૯૮૯)
સુપ્રસિદ્ધ હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લિનનો જન્મદિવસ (૧૮૮૯)

૧૭ એપ્રિલ : વિશ્વ હિમોફેલીયા દિવસ
કિસ્ટોફર કોલંબરે એશિયા અને ભારતના કોઈ ભૂભાગને શોધી કાઢવા સ્પેન સાથે કરાર કર્યો (૧૪૯૨)
- ચીન અને જાપાને 'સિમોનોસેકી' સીમા માટે કરાર થયા (૧૮૯૫)
- જેરી મોક એવા પ્રથમ મહિલા પાયલોટ બન્યા જેમણે એરોસ્પેન દ્વારા પૃથ્વીનું પરિભ્રમણ કર્યું (૧૯૬૪)

● ૧૮ એપ્રિલ : વર્લ્ડ હેરિટેજ દિવસ
- ભારતીય ઋષિમુનિઓની ભાવનાના પ્રતિનિધિ એવા ડૉ. પાંડુરંગ વામનનું નિધન (૧૯૭૨)
- ધોન્ડો કેશવ કર્વેની જન્મજયંતિ (૧૮૫૮)
- પૂર્વ મિસ ઈન્ડિયા અને ફિલ્મ અભિનેતી પૂનમ ઢિલ્લોનનો જન્મ દિવસ (૧૯૬૨)
- મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું અવસાન (૧૯૫૫)

● ૧૯ એપ્રિલ :
- ટેનિસ પ્લેયર મારિયા શારાપોવાનો જન્મદિવસ (૧૯૮૭)
- મુન્નાભાઈના સર્કિટ તરીકે જાણીતા અર્શદ વારસીનો જન્મદિવસ (૧૯૬૮)
- જોસેફ રેટઝીંગર પોપ જહોન પોલ-૨ તરીકે નિયુક્ત થયા (૨૦૦૫)
- ભારતીય ઉપગ્રહ આર્યભટ્ટ અંતરીક્ષમાં છોડાયો (૧૯૭૫)

● ૨૦ એપ્રિલ :
- અમેરિકન રેસ કાર ડ્રાઈવર ડેનિકા પેટ્રીક ઈન્ડીકાર ચેમ્પિયનશીપ જીતનાર પ્રથમ મહિલા બન્યા (૨૦૦૮)
- અમેરિકન એક્ટ્રેસ જેસીકા લેન્ગનો જન્મદિવસ (૧૯૫૭)
- શ્રીલંકામાં તમિલ વિદ્રોહીઓએ એક જ સમુદાયના ૧૨૨ લોકોની હત્યા કરી (૧૯૮૭)
- યામીની રાયની જન્મજયંતિ (૧૮૮૭)

● ૨૧ એપ્રિલ : નેશનલ પબ્લિક રિલેશન દિવસ
- યુકેના મહારાણી એલીઝાબેથ-૨નો જન્મદિવસ (૧૯૨૬)
- ભારતના હ્યુમન કોમ્પ્યુટર એવા શકુંતલાદેવીનું નિધન (૨૦૧૩)
- ભારતના પૂર્વ વડાપ્રધાન આઈ.કે. ગુજરાલ વડાપ્રધાન પદે નિયુક્ત થયા (૧૯૯૭)
- અમેરિકન પ્રકૃતિવાદી અને લેખક 'જહોન મુરનો જન્મદિવસ' (૧૮૩૮)

● ૨૨ એપ્રિલ : વિશ્વ પૃથ્વી દિવસ
- મહાત્મા ગાંધીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધીનો જન્મદિવસ (૧૯૪૫)
- એડમિરલ આર.ડી. કટારી નૌકાદળના પ્રથમ પ્રમુખ બન્યા (૧૯૫૮)
- સ્વામી સચ્ચિદાનંદનો જન્મદિવસ (૧૯૩૨)
- ગાંદી યુગના ગુજરાતી કવિ મુરલીધર ઠાકુરનું નિધન (૧૯૭૫)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં મહારાષ્ટ્રના કયા નેતાએ ગૃહમંત્રી પદેથી રાજીનામું આપ્યું ?

જવાબ : અનિલ દેશમુખ

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) શિવાની પટેલ : સે-૨૭ (૨) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૩) ઋજિત રાવલ : સે-૭ડી (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ, અમદાવાદ (૭) હર્નિશ તન્ના : સે-૫ (૮) અનિકેત સુમેસરા : સે-૨૪

આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં રશિયાની કઈ કોવિડ વેક્સિને ભારતમાં મંજૂરી આપવામાં આવી છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સમય બડા બલવાન હૈ...

મિલના -ઝૂલના મના હૈ તો ચલો 'ગેસ્ટ-ગેસ્ટ' ખેલેં ?

હળવે હૈયે
પ્રકાશ લાલા

'ટાળો... ટાળો તોય ગોટાળો...' આમ તો આ એક કોમેડી નાટકનું ટાઈટલ હતું. એક 'મિડલ ક્લાસ મેન' એના જીવનમાં આવી પડતા જાતજાતના ગોટાળા-સંકટોને દૂર કરવા મથે... એને લાગે કે 'હાથ ગોટાળો- મુસીબત ગયાં... ત્યાં જ પાછો એ જ કે બીજો ગોટાળો એના સંસારમાં પજવવા આવી જાય.... આવું નાટકનું કથાવસ્તુ હતું... ગોટાળાએ ટાળવા હિરોને જાતજાતના 'જુગાડ' કરતો જોઈ પ્રેક્ષકોને હસવાનું થાય... ભલે, પેલાનો જીવ જતો હોય !!

આજે આ યાદ આવવાનું કારણ છે કોરોનાની બીજી લહેર!' ૨૦૨૧ના પ્રારંભે સૌ 'હાશ! હવે એનો ખતરો ટળ્ય છે... કોરોનાને વિદાય લીધી છે...' માની બેફિકર બન્યા.... કોરોના ગયાના ભ્રમમાં સૌ રાચ્યા, ચૂંટણી સભાઓ ને રેલીઓમાં રાજકારણીઓ ગાજ્યા, લગ્નોમાં લોકો મહાલ્યા, સમારંભો - પ્રવાસો - પિકનિકોમાં ઝૂમ્યા - નાચ્યા ને પછી અચાનક ખબર પડી કે જેને 'ટળ્યો - ટળ્યો...' માની બેઠેલા એ કાળમુખો કોરોના પાછો આવ્યો છે. આને ઈશ્વર - કુદરતે આપેલો 'રિપીટ ઓર્ડર કહીશું કે 'એક્સટેન્શન ઓર્ડર'?

પેલા કોમેડી નાટકમાં હસી શકાતું ને એ નાટક જ થી થી એમ ખબર હતી. આમાં નથી હસી શકાતું કે એનો પડદો ક્યારે પડશે એની ય ખબર નથી!! જે 'કાળો' નથી પણ સારી પેઠે 'ઉકાળેલો' હોય છે એવા 'ઉકાળા' પાછા 'ટોપ ડિમાન્ડ'માં આવી ગયા છે, ખરું ને? આમા તો 'ઉકાળો' એટલે કોફી-ચા પછીના વિકલ્પે મળતું ગરમ પેય.... એની 'વેલ્યુ' પણ ઓછી. પણ આજે કોરોનાના કારણે હવે 'ઉકાળા' વેલ્યુએબલ બની ગયા છે. અલબત્ત, આ 'ટોપ ડિમાન્ટ' ને 'વેલ્યુએબલ ઉકાળો એલે તો તુલસી, ફુદીનો, મરી, એલચી, સૂંઢ, ગળો, ગોળ ઉકાળીને બનાવેલુ, કોરોના સામે રક્ષણ આપતું 'ઈમ્યુનિટી બુસ્ટર'પીણું.'

કોરોનાની આવેલી બીજી લહેર ખોફનાક ને ખતરનાક છે... જૂની વાર્તામાં કહેવાતું કે 'રાજાની દીકરી દિવસે ના વધે એટલી રાત્રે વધતી.' અને આજે મોંઘવારી માટે ય આવું કહી જ શકાય... આમાં હવે કોરોનાના કહેર વિશે ભય-ફફડાટ સાથે કહેવું પડે એમ છે કે 'એ દિવસે ને રાત્રે' વધી રહ્યો છે !!

એથી મોડે મોડે સંતરા, મોસંલી, પાઈનેબલ, લીંબુના ભાવો સતત વધી રહ્યા છે. વિટામીન સીની ગોળીઓ, આયુર્વેદિક દવાઓનો ઉપાડ વધી રહ્યો છે... સ્વાભાવિક છે કોરોનાની લપેટમાં ન આવી જવાય તે માટે બધું જરૂરી છે... કેમ જે જાતે જ સાવચેતી રાખીને 'સ્વસ્થ' રહેવાનું છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે 'શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે, સકળ માનવ - સમુહ તે પ્રમાણે વર્તે છે...' અને આપણે ત્યાં પણ કહેવાયું છે કે મહાજનોને રાજાને અનુસરી હોય છે... પણ અત્યારે આપણા મહાજનો કહેતાં રાજાઓ યાને કે સત્તાધીશો - નેતાઓ ભગવાન શ્રીકૃષ્ણના આ વચન વિધાનને ખોટું પાડવા મથી રહ્યા છે. પોતે ભીડ ભેગી કરે - ભીડમાં ભમે, 'દો ગજ કી દૂરી' ના રાખે, માસ્ક પહેરવામાં નાનમ અનુભવે અને પ્રજાને એ બધું જ કરવા વારંવાર ઉપદેશ્યા કરે છે. મતલબ કે આપણા સત્તાધીશો 'ગીતાબોધ' ને 'ગીતાવચન' થી પર છે અને કોરોના સંક્રમણથી જાણે કે ઉપર છે... એમને તો થાય તોય બેસ્ટ હોસ્પિટલમાં ફટાફટ 'બેડ' ને ઝટપટ 'ટ્રીટમેન્ટ' વિના મૂલ્યે મળી જવાનાં ! આપણું શું? અખબારો - ટીવીના ન્યૂઝ કહે છે કે આપણા માટે તો સરકારી કે ખાનગી. દવાખાનામાં 'નો વેકેન્સી'નાં પાટિયા ઝૂલે છે. માટે જ આપણે નેતાઓના વાદે ન ચઢતાં સ્વયં નિસ્ત અપનાવી, બધા નિયમોનું ચુસ્તપણે પાલન કરીને બચી રહીએ એમાં જ સાચી સમજદારી છે...

કોરોનાએ આપણાં સૌની લાઈફ ચેઈન્જ કરી દીધી છે... પહેલાં દોડાદોડી, કરતા-ઝપતા નહીં ને કહેતા કે 'આરામ હરામ હૈ'... હવે 'આરામ હી રામ હૈ' કહીને ઘરમાં ચોંટી રહેવું પડે છે... 'સમય બડા બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન' તે આનું જ નામ, ભાઈ ! કોરોનાએ હળવા - મળવાનું ભુલાવી દીધું છે... નથી ક્યાંક, કોઈને ત્યાં જવાતું ને નથી ઘરે કોઈ મહેમાન આવતું ! લાંબી ચાલેલી આવી પરિસ્થિતિના કારમે અમારાં શ્રીમતિજીને ક્યારેક ભ્રમ થાય છે કે, 'ઝાંપો ખખડ્યો... કોઈ આવ્યું લાગે છે...'

અમને ખાતરી હોય છે કે કોઈ કાકોય નથી આવ્યો.... છતાં બહાર ડોકિયું કરી, કન્ફર્મ કરી કહું કે, 'કોઈ નથી આવ્યું....'

પણ હવે અમે નક્કી કર્યું છે કે દિવસમાં એકાદ વાર મારે બહાર જઈ, ડૉરબેલ વગાડવી... અંદરથી પૂછે : 'કોણ, આવો, આવો...' ને મારે અંદર આવી, બેસવાનું... શ્રીમતીજી મહેમાનની જેમ પાણી ધરે એ પીવાનું... પછી બે-ચાર કલાક બાદ એ બહાર જઈ ડૉરબેલ વગાડે.... અમારે 'આવો.... આવો... બહુ દિવસે ભૂલાં પડ્યાં કંઈ ?' કહેતાં એમને આવકારી અંદર લાવવાનાં ને મહેમાનની જેમ મહેમાનગતી કરવાની... મનને રાજી રાખવા આ 'ગેસ્ટ-ગેસ્ટ'ની ગેઈમ ઠીક રહે છે....

જો કે આ તો રિટાયર્ડ છીએ એટલે ઘરમાં બેસી રહેવાય... જેને કામ-ધંધે નોકરી પર ગયા વિના છૂટકો જ ન હોય એણે સાવચેતી પૂર્વક રહીને જવું પડે... બાકી તો અદમ્ય ઉત્સાહ અને આત્મવિશ્વાસના 'ધોધ' સમા હૈયે હામના માલિક એવા પરમ સખા, આપણા સૌના જાણીતા, આ અખબારના તંત્રી કૃષ્ણકાન્ત જહા. સતત કહે છે એમ 'પરિસ્થિતિ વિકટ છે પણ આપણે જરાય ઢીલા પડવાનું નથી.. સતત હિંમત રાખી, બધું બરાબર છે, એમ જાતને કહેતા રહી, પ્રભુને 'સૌ સારાંવાનાં કરજો'ની પ્રાર્થના કરતા રહી, મનોબળ વધારતા રહી 'સ્વસ્થ'ને 'મસ્ત' રહેવાનં છે.